ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

૯

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૧૩/૧૮-૧૯/૯૫ તારીખ 4 JAN 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી મકવાણા અરજણભાઈ મોહનભાઈ,
નીરદનગરની બાજુમાં,
રેલ્વે ફાટક પાસે,
મુ.નેસવડ, જી.મહુવા, જી.ભાવનગર.
**મો.નં.૯૯૦૪૦ ૨૨૦૭૨.**

કેસ નં.૧૧૩/૧૮-૧૯

**વિષય : ઝુંપડપટ્ટી સ્કીમ હેઠળ ઘર વપરાશનું વીજ કનેકશન મળવા બાબત.**
સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૧/૦૯/૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧૩/૧૮-૧૯/૪૪૨૪ તા.૨૯/૦૯/૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧૩/૧૮-૧૯/૫૨૩૫ તા.૧૭/૧૧/૧૮.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧૩/૧૮-૧૯/૫૪૦૦ તા.૦૧/૧૨/૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૭/૧૧/૧૮** નાં રોજ રૂબરૂ રજુઆત માટે બોલાવવામાં આવેલ પરંતુ તમો તા.૨૭/૧૧/૧૮ ના રોજ હાજર રહેલ નહી અને ત્યારબાદ **તા.૧૩/૧૨/૧૮** ના રોજ રૂબરૂ રજુઆત માટે હાજર રહેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, ભાવનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, મહુવા ગ્રામ્ય-૧.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

P.G.V.C.L. Redressal Forum Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૧૩/૧૮–૧૯** ☜

વાદી :– શ્રી મકવાણા અરજણભાઈ મોહનભાઈ

◈ **વિરૂધ્ધ** ◈

**પ્રતિવાદી** :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ:– ૧૩.૧૨.૨૦૧૮** ◈

હાજર રહયા :– શ્રી મકવાણા અરજણભાઈ મોહનભાઈ – (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી બી. એમ. કવાડ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.

(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

**શ્રી મકવાણા અરજણભાઈ** મોહનભાઈ, મુ.નેસવડ, તા.મહુવા, જી.ભાવનગરની ઝુંપડપટ્ટી સ્કીમ હેઠળ ઘર વપરાશનું વીજ કનેકશન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૧૩/૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૧૩/૧૮–૧૯/૪૪૨૪ તા.૨૯.૦૯.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૭.૧૧.૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી હાજર રહેલ નથી. ત્યારબાદ બીજી મુદત તા.૧૩/૧૨/૧૮ ના રોજની આપેલ, જેમાં વાદી શ્રી મકવાણા અરજણભાઈ મોહનભાઈ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી બી. એમ. કવાડ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો અરજદાર મહુવા તાલુકાના નેસવડ ગામે નીરદનગરની બાજુમાં, રેલ્વે ફાટક પાસે રહીએ છીએ.

૧.૨ અમારા નેસવડ ગામે સરકારશ્રી અને કંપની દવારા ઝુંપડપટ્ટી સ્કીમની અંદર અમારા ગામના સરપંચ અને તલાટી મંત્રી દવારા ૧૫૦ નામોની યાદી મોકલાવેલ, જેમાં અમારૂ નામ સામેલ હતું અને મારૂ નામ નંબર ૭૫ હતો.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

..૨..

૧.૩ અમારા કનેકશનમાં બી ટાઈપમા સર્વે આવે છે પરંતુ કંપનીના કર્મચારી દવારા એ ટાઈપમાં સર્વે કરેલ છે અને આવી રીતે ખોટા સર્વે કરી અને રીપોર્ટ કરેલ છે. બાકીના બધા અરજદારોના એ ટાઈપ અને બી ટાઈપ ના સર્વે કામ કરી કનેકશનો અપાયેલ છે.

૧.૪ અમારૂ સર્વે ખોટું થયેલ હોવાથી હું છેલ્લા ૫ મહીનાથી કચેરીમાં ધકકા ખાવ છું પરંતુ કચેરીના જુનીયર ઈજનેર એવું જણાવે છે કે તમારૂ કનેકશન બી ટાઈપમાં આવે છે, અમારા દવારા ભુલથી એ ટાઈપમાં સર્વે થયેલ છે અને છેલ્લે તમામ કનેકશનો અપાયા બાદ તમારૂ વીજ કનેકશન લગાડી દેશું.

૧.૫ મહુવા ગ્રામ્ય–૧ વીજકચેરીમાં આવા બનાવો અવાર નવાર બને છે. એ ટાઈપમાં કેટલા વીજ કનેકશન લગાવેલ છે તેમજ બી ટાઈપમાં કેટલા કનેકશનો લગાવેલ છે, જેની તપાસ કરાવો.

૧.૬ આપ સાહેબને નમ્ર વિનંતી છે કે ૧૫૦ માંથી કેટલા કનેકશનો અપાયેલ છે અને કેટલા બાકી છે તેની તપાસ કરાવી અને બેદરકાર ઉપર નિયમ મુજબ પગલા લેવા વિનંતી છે અને અમારૂ ઝુંપડપટ્ટી સ્કીમમાં કનેકશન લગાડવા હુકમ કરવા વિનંતી છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ સદર અરજદાર મહુવા તાલુકાના નેસવડ ગામે નીરદનગરની બાજુમાં, રેલ્વે ફાટક પાસે રહે છે.

૨.૨ મહુવા ગ્રામ્ય–૧ વીજકચેરીના તાબા નીચે આવતાં નેસવડ ગામના કુલ ૧૫૦ અરજદારો દવારા ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના નીચે નવા ઘરવપરાશના વીજ કનેકશનો મેળવવા માટે સક્ષમ અધિકારીના ભલામણ પત્ર દવારા કુલ ૧૫૦ અરજદારોના નામોનું લીસ્ટ તા.૨૨/૧૨/૨૦૧૭ ના રોજ મહુવા ગ્રામ્ય–૧ વીજકચેરીમાં રજુ કરેલ હતું. તેમાં સદર અરજદારના નામનો પણ સમાવેશ થતો હતો.

૨.૩ અન્ય અરજદારોની સાથે સદર અરજદારના કનેકશનનું સર્વે કરવા કર્મચારી ગયેલ હતા. જે તે સમયે સદર અરજદારનું ઘર ખેતીવાડી વિસ્તારમાં જણાતા તેમને ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના નીચે કનેકશન મળી શકે નહી તેમજ ખેતીવાડી ફીડરમાંથી AG RL વીજ કનેકશન મળી શકે તે બાબત સમજાવેલ હતી. પરંતુ સદર અરજદાર દવારા તેમને જ્યોતિગ્રામ ફીડરમાંથી જ પાવર સપ્લાય જોઈએ છે, તેવો આગ્રહ રાખેલ હતો.

૨.૪ ત્યારબાદ સદર અરજદારને મહુવા ગ્રામ્ય–૧ પેટા વિભાગીય કચેરી દવારા જાવક નં.૨૦ થી તા.૧૦/૦૧/૨૦૧૮ ના રોજ તેમજ બીજો પત્ર જાવક નં.૬૪૮૩ તા.૩૦/૦૩/૨૦૧૮ ના રોજ લખી તેમનું રહેણાંક ખેતીવાડી વિસ્તારમાં આવેલ હોવાથી તેઓને ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના નીચે લાભ મળી શકે નહી પરંતુ જો તેઓ રહેણાકીય વીજ કનેકશન લેવા માંગતા હોય તો નવા આધાર પુરાવાઓ સાથે નવો રજીસ્ટ્રેશન ચાર્જ ભરપાઈ કરી, નવી અરજી કરવાની કર્યેથી AG RL અંતર્ગત તેમને રહેણાકીય વીજકનેકશન આપવાની કાર્યવાહી આગળ હાથ ધરી શકાય તેવા પત્રો લખેલ છે.

૨.૫ સદર અરજદારની CGRF, ભાવનગર કરેલ રજુઆતના આધારે મહુવા ગ્રામ્ય–૧ વીજકચેરીના નાયબ ઈજનેર દવારા રૂબરૂ સ્થળ તપાસ કરેલ છે અને અરજદાર ને સમજાવેલ છે કે તેઓને ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના નીચે

P.G.V.C.L. Bhavnagar. Redressal Forum

ઘરવપરાશનું વીજકનેકશન મળી શકે નહી પરંતુ ખેતીવાડી રહેણાકીય હેતુ માટેનું AG RL વીજકનેકશન મળી શકે. જો આપના દવારા AG RL વીજકનેકશન મેળવવા માટે નવી અરજી કરવામાં આવે તો આપને અંદાજપત્રક પાઠવી, તે આપના દવારા ભરપાઈ કર્યેથી વહેલાસર કનેકશન આપવા માટેની કાર્યવાહી આગળ હાથ ધરવામાં આવશે પરંતુ અરજદાર દવારા JGY ફીડરમાંથી જ ઘરવપરાશનું વીજકનેકશન મેળવવા માટે આગ્રહ રાખેલ, જે રોજકામ પણ કરેલ છે અને સાથે જોડેલ છે.

૨.૬ સદર અરજદાર દવારા આજદિન સુધી ખેતીવાડી રહેણાકીય વીજકનેકશન મેળવવા માટે કોઈ અરજી મહુવા ગ્રામ્ય–૧ વીજકચેરીમાં કરેલ નથી. આમ, જો સદર અરજદાર દવારા નવા ખેતીવાડી રહેણાકીય વીજકનેકશન મેળવવા માટે નવી અરજી મહુવા ગ્રામ્ય–૧ વીજકચેરીમાં કરવામાં આવે તો તેમને જરૂરી સર્વે કામગીરી પુર્ણ કરાવી, ઝડપથી તેનું અંદાજપત્ર પાઠવવામાં આવશે તેમજ અંદાજપત્ર ભરપાઈ થયેથી તુરંત AG RL કનેકશન રીલીઝ કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૨.૭ સદર અરજદાર દવારા તેમના રહેણાંકના સ્થળે જ ખેતીવાડી SPA સ્કીમ હેઠળ તા.૧૬/૦૬/૨૦૧૬ ના રોજ જી.પી.નંબર ૧૧૯૭૬ થી અરજી કરેલ હોવાથી, તેમનું ખેતીવાડી વારાનું કનેકશન મંજુર થતાં મહુવા ગ્રામ્ય–૧ પેટા વિભાગીય કચેરી દવારા તેમને જાવક નં.૬૩૯૫ થી તા.૨૦/૧૦/૨૦૧૮ ના રોજ અંદાજપત્ર પાઠવેલ છે, જે અરજદાર દવારા તા.૨૫/૧૦/૨૦૧૮ ના રોજ ભરપાઈ પણ કરવામાં આવેલ છે, જેની કામગીરી સમયમર્યાદામાં પુર્ણ કરવામાં આવશે.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર મકવાણા અરજણભાઈએ ઝુંપડપટ્ટી યોજના હેઠળ નેસવડ ગામમાં ઘરવપરાશનું વીજ કનેકશન માંગેલ અને તે માટે સક્ષમ અધિકારીની ભલામણ સાથેનું લીસ્ટ તા.૨૨/૧૨/૧૭ ના રોજ રજુ કરેલ.

૩.૨ પ્રતિવાદીનાં અધિકારીએ વાદીએ માંગેલ વીજજોડાણ ના સર્વેના સમયે માલુમ પડેલ કે વાદીએ માંગેલ વીજજોડાણ ગામતળમાં ન હતું પરંતુ, વાદીએ બતાવેલ સ્થળ ખેતીવાડી વિસ્તારમાં હતું. તેથી પ્રતિવાદીએ તા.૧૦/૦૧/૧૮ તેમજ તા.૩૦/૦૩/૧૮ ના રોજ વાદીને પત્ર લખી જાણ કરેલ કે, તમોએ માંગેલ વીજજોડાણ ખેતીવાડી વિસ્તારમાં હોવાથી ઝુંપડપટ્ટી યોજનામાં મળી શકે નહી. પરંતુ ખેતીવાડી લાઈટીગ વીજજોડાણ મળી શકે જેના માટે વાદીએ અરજી નોંધણી કરાવી, જરૂરી ચાર્જ ભરવાનો રહે છે. પરંતુ વાદીએ તેના ખેતીવાડી વિસ્તારમાં વીજજોડાણ લેવા માટે અરજી નોંધણી કરાવેલ નથી તેથી પ્રતિવાદી દવારા કોઈ કાર્યવાહી કરાવેલ નહી.

૩.૩ વાદીએ જયાં ઘરવપરાશનું વીજજોડાણ માંગેલ છે તે જ જગ્યા પર વાદીએ નવું ખેતીવાડી વીજજોડાણ માંગેલ જેના માટે પ્રતિવાદીએ તા.૨૦/૧૦/૧૮ ના રોજ અંદાજપત્ર આપેલ, જે વાદી દવારા તા.૨૫/૧૦/૧૮ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ, જેના પરથી એવું સ્પષ્ટ જણાય છે કે વાદીએ માંગેલ ઘરવપરાશનું વીજજોડાણ ખેતીવાડી વિસ્તારમાં છે માટે વાદીને તે સ્થળે ઝુંપડપટ્ટી યોજનામાં વીજજોડાણ મળી શકે નહી.

૩.૪ વાદીએ ખેતીવાડી વિસ્તારમાં તેના રહેણાંકનાં સ્થળે ઘરવપરાશનું વીજજોડાણ લેવા માંગતા હોય તો નવી અરજી નોંધણી કરાવીને, જરૂરી ચાર્જ ભરપાઈ કરી અને ત્યારબાદ પ્રતિવાદીએ વાદીને વીજજોડાણ આપવાની કાર્યવાહી નિયમ મુજબ કરવી.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૪ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એચ. માવાણી)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૧૩.૧૨.૨૦૧૮**

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.